# The Open Page
**Inspire Learning**

5th Educator's Award 2018-19


## પાંચમો વાર્ષિક ઉત્કૃષ્ટ શ્રેષ્ઠ એવોર્ડ ૨૦૧૮-૨૦૧૯
# ઉમેદવારી ભરવા માટેની માર્ગદર્શિકા

**ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા :**

(૧) એડ્યુકેટર એવોર્ડની સંપૂર્ણ માહિતી 'ધી ઓપન પેજ' શૈક્ષણિક માસિક સમાચાર પત્રમાં તેમજ અન્ય સમાચાર પત્રોમાં તથા એડ્યુકેટરની બુકલેટ, માધ્યમિક શિક્ષણ પરીક્ષણ મેગેઝીન, તેમજ ઓનલાઇન 'ધી ઓપન પેજ' વેબસાઈટ પોર્ટલ પરથી માહિતી મળશે.

(૨) ઉમેદવારે તેમની શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ અને નિમણૂક પત્રના આધારે એક જ કેટેગરીમાં ફોર્મ ભરવાનું રહેશે.

(૩) ધ્યાન રહે કે આપની શૈક્ષણિક લાયકાત એવોર્ડના નિયમ મુજબ હોવી જરૂરી છે.

(૪) ઉમેદવારી નોંધાવનારે ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ જોવી જરૂરી છે. છેલ્લી તારીખ બાદ એવોર્ડની ઉમેદવારી સ્વીકારવામાં આવશે નહીં.

(૫) જરૂરી આધારો તેમજ પુરાવાઓ ફોર્મની સાથે જોડાવા જરૂરી છે.

**માપદંડો :**

(૧) ઉમેદવારે ફોર્મ-૨ (નામાંકન ફોર્મ) સ્વ-મૂલ્યાંકન ફોર્મ ની સાથે ભરાવડાવી જોડવું ફરજીયાત છે.

(૨) બધી જ એવોર્ડ કેટેગરી માટે ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.

આ સાથે આપેલ વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નોમાંથી આપને આપની સમસ્યાનો જવાબ મળી શકશે.

**શૈક્ષણિક એવોર્ડની ઉમેદવારી ભરવાની પ્રક્રિયા માટે નીચે મુજબના ૨ ફોર્મ મેળવવા તેમજ વ્યવસ્થિત ભરવા જરૂરી છે.**

| | | |
|---|---|---|
| **ફોર્મ - ૧** | જે ઉમેદવાર હોય તેમણે જ આ ફોર્મ ભરવાનું રહેશે | **આ ફોર્મની ઝેરોક્ષ કોપી કરી શકો છો** |
| **ફોર્મ - ૨** | નોમિનેશન ફોર્મ ( આ ફોર્મ પ્રસ્તાવકર્તાએ ઉમેદવારની કેટેગરી અને લાયકાત મુજબ ભરવાનું રહેશે.) | |

**નોંધઃ**

(૧) એવોર્ડ લીસ્ટના નંબર ૧ થી ૮ તથા ૧૦ અને ૧૧ કેટેગરી માટે સ્વ-મૂલ્યાંકન ફોર્મ એક જ છે.

(૨) ધ્યાન રહે કે એવોર્ડ લિસ્ટના નંબર ૧ થી ૮ તથા ૧૦ અને ૧૧ નોમિનેશન (પ્રસ્તાવકર્તા) ફોર્મ અલગ અલગ છે.

(૩) એવોર્ડ લિસ્ટનું નંબર-૯ (શ્રેષ્ઠ વાલી કેટેગરીનો છે) તે કેટેગરીનું સ્વ-મૂલ્યાંકન ફોર્મ તેમજ નોમિનેશન (પ્રસ્તાવકર્તા) ફોર્મ જુદા છે.

(૪) સ્વ-મૂલ્યાંકન ફોર્મ અને નોમિનેશન (પ્રસ્તાવકર્તા) ફોર્મ ભરવા માટે ફોર્મની ગમે તેટલી ઝેરોક્ષ કોપી કરી શકો છો.

(૫) કેટેગરી નંબર ૧૦ અને ૧૧ ત્રીજા શ્રેષ્ઠ વાર્ષિક શૈક્ષણિક ઉત્કૃષ્ટ એવોર્ડ ૨૦૧૬-૧૭થી જાહેર કરવામાં આવ્યો.

**ચકાસણી યાદી :**

**ફોર્મ નં-૧ સ્વ-મૂલ્યાંકન ફોર્મ, ઉમેદવારી ફોર્મ (ઉમેદવારે જાતે ભરવાનું રહેશે)**

(૧) સૌથી પ્રથમ સ્વ-મૂલ્યાંકન ફોર્મમાં આપની કેટેગરી ટીકમાર્ક કરો તેમજ જણાવો.

(૨) એવોર્ડ ઉમેદવારી ફોર્મ સાથે આપને પ્રાપ્ત થયેલ બધા જ પ્રકારના સર્ટિફિકેટ્સ જેવા કે શૈક્ષણિક તેમજ અન્ય જોડાવા જરૂરી છે (નીચે મુજબ)

(૩) ફોર્મ સાથે નીચે મુજબની સર્ટિફિકેટ્સ જોડાવાના રહેશે.

ઉપરોક્ત પ્રાપ્ત થયેલ સર્ટિફિકેટો સ્વ-મૂલ્યાંકન ફોર્મ સાથે વ્યવસ્થિત નોંધ સાથે જોડવાના રહેશે.

| | |
|---|---|
| **શૈક્ષણિક સર્ટિફિકેટસ** | હાયર સેકેન્ડરી/ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ, વિશિષ્ટ સિદ્ધિઓ તેમજ અન્ય ડિગ્રીઓ |
| **શૈક્ષણિક સર્ટિફિકેટસ પ્રશંસાપત્રો** | શાળા અને કોલેજમાં પ્રાપ્ત થયેલ સર્ટિફિકેટ તેમજ સિદ્ધિઓ |
| | શિક્ષણકાળ દરમિયાન જે તે શાળામાંથી કે કોલેજમાં મળેલ સિદ્ધિઓ તથા સર્ટિફિકેટ |
| **રેકોડિંગ (CD)** | શિક્ષકે આપેલ વર્ગખંડમાં કોઈપણ બે વિષય પરનું ૪૫ મિનિટનું સંપૂર્ણ શિક્ષણ રેકોર્ડ કરીને CD પર તમારું નામ કેટેગરી અને શાળાનું નામ લખવું જરૂરી છે. |
| **અન્ય સિધ્ધિઓ અથવા એવોર્ડ** | એન.સી.સી અથવા અન્ય કોઈ સ્પર્ધાના પ્રમાણપત્રો મોકલવા જરૂરી છે. |
| | વર્કશોપ, પરિસંવાદો, કેમ્પ જેવા અન્ય સેમિનારમાં ભાગ લીધેલ હોય તે ફોટા તેમજ વિડીયો મોકલવા |
| | આપે લખેલા સંપાદકીય અથવા ન્યુઝ પેપરમાં પ્રસિદ્ધ થયેલા લેખો પણ મોકલી શકો છો. |
| | તેમજ અન્ય સિદ્ધીઓના ફોટા પણ મોકલી શકો છો. |
| | ન્યુઝ પેપરમાં છપાયેલ લેખોના કટિંગ, પ્રશંસા પત્રો તથા (વ્યક્તિગત તથા શાળાની ટીમ) ભલામણ પત્રો પણ મોકલી શકો છો. |

સ્વ-મૂલ્યાંકન ફોર્મને યોગ્ય રીતે તથા વ્યવસ્થિત પ્રમાણપત્રો અને સિદ્ધિઓ સાથે જોડી (ઓથોરિટી દ્વારા પ્રમાણિત) મોકલી શકો છો.

## ફોર્મ નં.૨ : નામાંકન પત્ર અથવા પ્રસ્તાવકર્તા પત્ર

(૧) આ નામાંકન પત્ર પ્રસ્તાવકર્તાએ ઉમેદવારની સચોટ માહિતી ફોર્મ નં.૨માં આપેલ વિગતવાર માહિતી ભરવાની રહેશે.
(૨) ફોર્મ નં. ૨ ભરનાર વ્યક્તિ આચાર્ય, ટ્રસ્ટી, એચ.ઓ. ડી., આમાંથી કોઈપણ ભરી શકે છે. ફોર્મ ચકાસણી કર્યા બાદ સૌથી નીચે તેમણે તેમનો હોદ્દો તેમજ સહી કરવાની રહેશે.
(૩) આ ઉપરાંત ઉમેદવારે ઉપરોક્ત પ્રસ્તાવકર્તા સાથે બીજા બે કે ત્રણ ભલામણ પત્રો આ સાથે જોડવાના રહેશે. જેવા કે વાલી, વિદ્યાર્થી, શિક્ષણવિદ્, સુપરવાઇઝર જેવા અન્ય.
(૪) આપ જે કોઈ ભલામણ પત્રો જોડો છો તે પત્રોમાં નીચે તેઓનું નામ હોદ્દો તેમજ વિભાગ શાખાની માહિતી આપવી જરૂરી છે.

## પ્રોફાઈલ (રૂપરેખા):

(૧) આપની પ્રોફાઈલ (રૂપરેખા)ના નક્કર પુરાવા કુરિયરથી, પોસ્ટથી , વ્યક્તિગત અથવા ઇમેલથી પણ મોકલી શકો છો. અને ડોક્યુમેન્ટ સ્કેન કરીને આ ઈમેલ આઈડી **educatorsaward@gmail.com** પર મોકલી શકો છો.
(૨) 'ધી ઓપન પેજ' ઓફીસમાં ડોક્ટુમેન્ટ મળ્યા પછી તેને પ્રમાણિત રીતે ચકાસણી કરી પછી અરજદારને એક સપ્તાહની અંદર રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવશે.
(૩) આપની સાથેનો પત્ર વ્યવહાર આપને ફાળવેલ રજીસ્ટ્રેશન નંબર ઉપરથી થશે.
(૪) ચકાસણી કરતી વખતે કોઈ પણ પ્રકારની પૂછપરછ અમારી ઓફીસ તમને ઇમેલ કે પછી તમારા મોબાઈલ નંબર ઉપર જાણ કરશે.
(૫) નીચે આપેલ બોક્સમાં તમારી પ્રોફાઈલને અનુક્રમણિકા પ્રમાણે ગોઠવીને અને સ્વચ્છ અક્ષરે લખાણ લખીને મોકલવાની રહેશે.

| નંબર | અનુક્રમણિકા |
|---|---|
| ૧ | |
| ૨ | |
| ૩ | |
| ૪ | |
| ૫ | |
| ૬ | |
| ૭ | |
| ૮ | |

**નોંધ:** જે ઉમેદવારે ૨૦૧૪-૨૦૧૫ અને ૨૦૧૬-૧૭માં રજીસ્ટ્રેશન નંબર ફાળવેલ છે તે ઉમેદવારે તે જ રજીસ્ટ્રેશન નંબર ઉપર નવી પ્રાપ્ત થયેલ સિદ્ધિઓ કે વધારાની માહિતીઓ તેમજ ખૂટતા પૂરાવાઓ મોકલી શકો છો.

અરજી કરેલ વર્ષ______________ અને તમારો રજીસ્ટ્રેશન નંબર____________________________